# <u>સંગઠનની વિગતો, કાર્યો અને ફરજો</u>

## ૨.૧ જાહેર તંત્ર નો ઉદ્દેશ / હેતું

ભારત ખેતી પ્રધાન દેશની ૭૦% વસ્તી ખેતીની આવક ઉપર નભે છે. તેમાં સમાનતા લાવવા જમીન માલિક અને ખેડૂત વચ્ચે સમતોલ પણુ લાવી કાલમાર્કસ ના સિઘ્ધાત પ્રમાણે ગરીબ અને તવંગર વચ્ચેની ભેદરેખા ઓછી કરવાનો છે. જમીન ધારણ કરનાર અને પ્રત્યક્ષ ખેતી ધારણ કરનારના હકકો જાણવણી કરવાનો હેતું છે.

## ૨.૨ જાહેર તંત્રનુ મિસન / દુરંદેશીપણુ (વિઝન)

ખેતીની જમીન ધારણ કરનાર હકક માલેતુજાર વર્ગ પડાવી ન લે અને કાયમી સમાનતા સ્થાપિત કાયદો અને વ્યવસ્થાની સ્તિિ હંમેશ બની રહે ભૂખ, ભય, આરોગ્ય જાળવણી થાય તે તંત્રનું વિઝન છે.

## ૨.૩ જાહેર તંત્રનો ટુંકો ઈતિહાસ અને તેની રચનાનો સંદર્ભ

ગણોત શાખા મુખ્યત્વે ગણોતીયા તરીકે પ્રત્યક્ષ ખેડનાર વ્યકિત જાહેર થાય તેના હેતુઓની જાળવણી માટે તંત્ર કામ કરે છે. તાલુકા કક્ષાએ મામલતદાર કૃષિપંચ તરીકેની કામગીરી કરતા તંત્ર ઉપર સુપરવીઝન તરીકે એપેલેક ઓથોરીટી તરીકે સરકારના વખતોવખતના જાહેર કરેલ નિતિનિયમોને આધિન રહીને કામ કરતુ તંત્ર છે. તેવી જ રીતે ટોચ મર્યાદા કરતાં વધારે જમીન માટે પણ આ તંત્ર કામ કરે છે. આ તંત્રની ઉપલબ્ધીને લીધે હજારો એકર જમીન ગણોતીયાને સોંપી શકાય તેમ છે. તેમજ વધારાની ફાજલ જમીનની વહેચણી પણ કરી શકાય છે.

હકકપત્રક તંત્રમાં તાલુકા મામલતદાર અને પ્રાન્ત અધિકારીના નિર્ણય ઉપર રીવીઝન અને અપીલના અધિકારો કલેકટરશ્રી ભોગવી કેન્દ્ર સરકારના જમીન ધારણ કરનારના હકકનું સંરક્ષણનુ કામ કરી રહેલ છે. હેતુ બર લાવે છે.

## ૨.૪ જાહેર તંત્રની ફરજો

ગણોત ધારાની કલમ ૭૪ તથા ૭૬ ના કૃષિપંચશ્રીઓએ ગણોતીયા બાબતે લીધેલ નિર્ણયની એપેલેક ઓથોરીટી તરીકે કામગીરીની મુખ્ય ફરજ તેમજ ટોચમર્યાદા ધારા હેઠળની કલમ–૩૫/૩૭ હેઠળ અપીલ/રીવીઝનની કામગીરી નાયબ કલેકટર (જસુ) મહેસાણાની ફરજોમાં આવે છે. તેમજ ગુજરાત લેન્ડ રેવન્યુ રુલ્સના નિયમ ૧૦૮(૬) હેઠળ હકકપત્રકના અમલવારી માટે નાયબ કલેકટર (પ્રાન્ત) કરેલ ૧૦૮(૫) હેઠળના નિર્ણય ઉપર રીવીઝન તેમજ હકકપત્રકે પડેલ નોંધ રીવ્યુ ના અધિકાર મે. કલેકટર સાહેબ મહેસાણા સત્તાની રૂઈએ ફરજ બજાવે છે. ગણોત શાખામાં નાયબ મામલતદાર આરટીએસ તંત્ર સંભાળે છે.

## ૨.૫ જાહેર તંત્રની મુખ્ય પ્રવૃતિઓ અને કાર્યો.

કૃષિપંચના નિર્ણયની ચકાસણી કરવી,
કૃષિપંચના નિર્ણય ઉપર અપીલો સાંભળવી,
પ્રાન્ત અધિકરીના હકકપત્રક અંગે નિર્ણય ઉપર અપીલ રીવીઝન સાંભળવી.
ગ.ધા.ક.૪૩ ના નિયંત્રણોની મુકિત આપવી

ગ.ધા.ક. ૬૩ ,૬૩ એએ અંગેની મંજુરીઓ આપવી.

## ૨.૬ જાહેરતંત્ર ધ્વારા આપવામાં આવતી સેવાઓની યાદી અને તેનું સંક્ષિપ્ત વિવરણ.

– ગણોત કાયદા હેઠળ કૃષિપંચે પોતાની સત્તાની રૂએ કરેલ નિર્ણયો સામે અપીલ સાંભળવાની લોકોને સેવા આપવામાં આવે છે.
–તેમજ તેવા નિર્ણય સરકાર પક્ષે કાયદાની ક્ષતિ વાળા લાગે તો એક વર્ષની અંદર રીવ્યુ લેવાની સેવા આપવામાં આવે છે.
– તેજ રીતે ટોચ મર્યાદા ધારા હેઠળ પણ સેવા આપવામાં આવે છે.
–ગણોતધારા હેઠળ નિયંત્રણ કલમ–૪૩ કે ૩૨ પી કે અન્ય નિયંત્રણોવાળી જમીનોમાં પ્રિમિયમ ભરાવી તેવા નિયંત્રણો દુર કરવાની જયાં કાયદાના બાનથી બીન ખેડૂતને ખેડૂત તરીકે પરવાનગી આપવાની અને પ્રમાણિક ઔદ્યોગિક એકમે ખરીદ કરેલ જમીન કામે પ્રમાણપત્ર આપવાની સેવા પુરી પાડવામાં આવેછે.
– ગણોતધારા, ટોચમર્યાદા કે આરટીએસ બાબતોનો કોઈ પણ પ્રશ્ન ઉપસ્થિત થાય તે કામે તાલુકા કક્ષાએથી તપાસ કરાવી અહેવાલ મંગાવી જિલ્લા કક્ષાએથી યોગ્ય જવાબ આપવાની સેવા પુરી પાડે છે.

## ૨.૭ જાહેર તંત્રના રાજય નિયામક કચેરી, પ્રદેશ, જિલ્લો, બ્લોક વગેરે સંસ્થાગત માળખાનો આલેખ.(જયાં લાગુ પડતુ હોય ત્યાં)

| | |
|---|---|
| રાજય કક્ષા | સચિવશ્રી મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર<br>જમીન મહેસૂલ કમિશ્નર કચેરી, સચિવાલય, ગાંધીનગર<br>જમીન સુધારણા કમિશ્નર કચેરી, સચિવાલય, ગાંધીનગર |
| જિલ્લા કક્ષા | કલેકટરશ્રી મહેસાણા<br>નાયબ કલેકટરશ્રી (જ.સુ.) |
| પ્રાન્ત કક્ષા | નાયબ કલેકટરશ્રી વિસનગર / મહેસાણા |
| તાલુકા કક્ષા | મામલતદાર તથા કૃષિપંચશ્રી |
| ગ્રામ્ય કક્ષા | તલાટી સંબંધિત ગામના મહેસૂલી રેકર્ડ સંભાળતા અને કામગીરી કરતા |

## ૨.૮ જાહેર તંત્રની અસરકારતા અને કાર્યક્ષમતા વધારવા માટેની લોકો પાસેથી અપેક્ષાઓ

– આ શાખાના કાયદાઓની પ્રક્રિયામાં અપીલ રીવીઝન ઉપસ્થિત થાય ત્યા મુદતે હાજર રહી તેની પાસે જે આધાર હોય તે સમય સર રજુ કરવાનુ તંત્રના નિર્ણય સામે અપીલ રીવીજન કરતાં પહેલા ખરેખરા ગુણ દોશની ચકાસણી કરાવી લીધા પછી કરે તે જરૂરી જરૂરી છે..
–નિયંત્રણ સત્તા પ્રકારની જમીનોની વહેચણી પુર્વે મંજુરી લઈને કરે તે જરૂરી છે.
–બિનખેડૂત પરવાનગી થી જમીન ખરીદ કરે .
– ખેડનાર તરીકે સાચી માહિતી પુરી પાડે તે જરૂરી છે.
– મર્યાદા કરતાં વધુ જમીન ન સુપાવે તે જરૂરી છે.
–ખાનગી દસ્તાવેજ ન કરાવે અને જો કરાવેલ હોયતો પુરા સ્ટેમ્પ ડયુટી ભરાવી લેવા તજવીજ કરે તે જરૂરી છે.

## ૨.૯ લોક સહયોગ મેળવવા માટેની ગોઠવણ અને પધ્ધતિ

–જયારે કવોશી જયડિશીયલ મેટર ચાલતી હોય ત્યારે પક્ષકારની ઓળખ કે અન્ય પુરાવા રજુ કરવાની અધુરમશ હોય ત્યાં તલાટી કે પડોશી ખેડૂતોને બોલાવીને સાચી માહિતી મેળવવાની ગોઠવણ છે.

– નિયંત્રણો દુર કરવાના બદલામાં લેવાતા પ્રિમિયમ માટે બજાર કિંમતના છેલ્લા માં છેલ્લા ભાવ મળી રહે તે માટે લોક સંપર્ક કરી જાણકારી કરી પંચનામા મારફતે મેળવાય છે.

– ટોચ મર્યાદા કરતાં વધુ જમીન ધારણ ન કરે તે જાહેર કરવા માટે સોગંદનામુ કરાવવાની ગોઠવણ છે.

– હકકપત્રક માં પડેલ નોંધોના આધારો સાચા બદલની ખરાઈ માટે નોટીસ તથા અપીલ પિરીયડ આપવાની ગોઠવણ છે. તેમજ તે ઉપર એપેલેક ઓથોરીટી ઉપલબ્ધ છે.

– વકીલો મારફતે કાયદાની સણાવટમાં અસીલ તરીકે સાચી માહિતી રજુ કરવાની ગોઠવણ છે.

## ૨.૧૦ સેવા આપવાના દેખરેખ, નિયંત્રણ અને જાહેર ફરીયાદ નિવારણ માટે ઉપલબ્ધ તંત્ર.

રાજય કક્ષાએ સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
જમીન મહેસૂલ / જમીન સુધારણા કમિશ્નરશ્રી, ગુજરાત રાજય ગાંધીનગર
ગુજરાત મહેસૂલ પંચ, અમદાવાદ
સચિવશ્રી, (વિવાદ) મહેસૂલ વિભાગ, અમદાવાદ.
સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર

## ૨.૧૧ મુખ્ય કચેરી અને જુદી જુદી સ્તરોએ આવેલી અન્ય કચેરીઓ ના સરનામા.

| | |
|---|---|
| જિલ્લા કક્ષા | કલેકટર કચેરી, બહુમાળી મકાન,<br>નાયબ કલેકટર (જ.સુ.) બ્લોક નં. ૩ મહેસાણા |
| પ્રાન્ત કચેરી | નાયબ કલેકટર, મહેસાણા / વિસનગર |
| તાલુકા કક્ષા | મામલતદાર કચેરી, તમામ |
| ગ્રામ્ય કક્ષા | તલાટી ઓફિસ<br>કચેરી શરૂ થવાનો સમય ૧૦:૩૦<br>કચેરી બંધ થવાનો સમય ૬:૧૦ |